| | | | |
|---|---|---|---|
| કેસ દાખલ તારીખ | ૨૦ | ૦૯ | ૨૦૧૭ |
| કેસ રજી.તારીખ | ૨૦ | ૦૯ | ૨૦૧૭ |
| કેસ નિકાલ તારીખ | ૦૬ | ૦૧ | ૨૦૨૬ |
| સમય–અવધિ | વર્ષ | માસ | દીવસ |
| | | | |

**એડી. જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસની કોર્ટમાં,**
**અંકલેશ્વર**

**ક્રિમીનલ કેસ નંબર : ૩૧૫૦/૨૦૧૭**
આંક –

**ફરીયાદી** : સરકારશ્રી

**::: વિરૂઘ્ધ :::**

**આરોપી** :૧. દિનેશભાઈ છોટાભાઈ વસાવા
રહે. સરફુદીન નવા બોરભાઠા તા.અંકલેશ્વર જી.ભરૂચ
૨. વિક્રમભાઈ સવારામ પ્રજાપતિ
રહે. યોગી એસ્ટેટ જી.આઈ.ડી.સી. અંકલેશ્વર જી.ભરૂચ

**ગુનો : પ્રોહી.એકટ ક.– ૬૫ ઈ,૯૮,૯૯,૮૧ મુજબ.**

.........................................................................
ફરીયાદ પક્ષ તરફે : વિ.વ.શ્રી. એ.એ.પી.શ્રીમતી એસ.વી.પટેલ
આરોપી પક્ષ તરફે : વિ.વ.શ્રી એમ.વી. દિવેચા
.........................................................................

## JUDGEMENT

(૧) ફરીયાદ પક્ષનાં કેસની ટૂંકમાં હકીકત એવી છે કે , આ કામના આરોપીઓએ તા. ૦૨/૦૬/૨૦૧૭ ના કલાક ૧૮/૪૫ વાગે મોજે બેલ કચરા કંપની

પાસે જી.આઈ.ડી.સી. અંકલેશ્વર ખાતે ગે.કા. અને વગર પાસ પરમીટનો દેશી દારૂ નો જથ્થો દા.લી.૬૦ કિ.રૂા.૧૨૦૦/– નો પ્લાના કોથળા નંગ– ૫ જે દરેકમાં ૨૦૦ મીલીની પ્લાની પોટલી નંગ–૬૦ લેખે રાખી તથા ઓટો રીક્ષા નં. જી.જે.૧૬ ડબલ્યુ ૭૯૫૦ ની કિ.રૂા. ૨૫૦૦૦/– માં વેચાણ કરવાના ઈરાદે રાખી બંને આરોપીઓએ ગુનામાં એકબીજાને મદદગારી કરી આરોપી વિક્રમ પ્રજાપતિ નાસી જઈ પાછળથી પકડાઈ જઈ ગુનો કરેલ તેની આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ અને તપાસનાં અંતે પૂરતો પુરાવો મળી આવતા આરોપીઓ વિરુધ્ધ આક્ષેપીત ગુનાનું પુરવણી ચાર્જશીટ રજુ કરતા આરોપીઓ સામે આક્ષેપીત ગુનાનો સમન્સ ઈસ્યુ કરેલ.

(૨) સમન્સની બજવણી થતા આરોપીઓ તેના વિ.વ.શ્રી મારફત હાજર થયેલ અને તેને ચાર્જશીટ તથા પોલીસ તપાસની નકલ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૦૭ મુજબ વિનામૂલ્યે આપ્યાની ખાતરી કરી આંક–૧૨ થી તહોમતનામુ અને આંક– ૧૩ થી પ્લી નોંધતા આરોપી નાઓની આક્ષેપીત ગુનાની કબુલાત ન કરતા આ કામે ફરીયાદ પક્ષનો પુરાવો નોંધવા ઉપર રાખવામાં આવેલ છે તથા આ કામના આરોપી નં.૨ ને કોર્ટ સમક્ષ હાજર થવા સારૂ વારંવાર સમન્સ તથા વોરંટ કાઢ વામાં આવેલ હોવાછતાં તેઓ અત્રેની કોર્ટ સમક્ષ હાજર રહેલ નથી. સદર કેસ સી.આર.પી.સી. કલમ–૨૯૯(૧) મુજબ આરોપી નં.૨ની ગેરહાજરીમાં સદર કેસ આગળ ચલાવવાનો હુકમ કરવામા આવેલ છે.

(૩) પક્ષકારો તરફે તેની તકરારોના સમર્થનમાં નીચે મુજબનો પુરાવો રજુ કરવામાં આવેલ છે.

**<u>(એ) ફરીયાદ પક્ષ તરફે રજુ થયેલ પુરાવો.</u>**

**:: મૌખિક/દસ્તાવેજી પુરાવો ::**

| ક્રમ | આંક | વિગત |
|---|---|---|
| ૦૧ | ૧૪ | પંચ કૈલાસભાઈ કિશનભાઈ ની જુબાની |
| ૦૨ | ૧૫ | પંચનામુ |

| | | |
|---|---|---|
| ૦૩ | ૧૬ | પંચ શ્યામલાલ રામવિલાસ ચૌધરીની જુબાની |

**(૪)** ફરિયાદપક્ષનો પુરાવો પુરો થયા બાદ આરોપી વિરૂઘ્ધ પુરતો પુરાવો જણાતો ન હોય આરોપીનું ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ અન્વયે વધારાનું નિવેદન નોંધવામાં આવેલ નથી.

**(૫)** આ કામમાં ફરીયાદપક્ષ તરફે વિ.એ.પી.પી. શ્રી ની મૌખિક દલીલો સાંભળવામાં આવેલ છે અને ત્યારબાદ આરોપીના વિ.વ.શ્રીની દલીલો સાંભળી જે સદરહું કામે ઘ્યાને લીધી.

**(૬)** આ કેસનાં ન્યાય નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબનાં મુદ્દાઓ ઉપસ્થિત થયેલા છે.

૧. શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે આ કામના આરોપીઓએ તા. ૦૨/૦૬/૨૦૧૭ ના કલાક ૧૮/૪૫ વાગે મોજે બેલ કચરા કંપની પાસે જી.આઈ.ડી.સી. અંકલેશ્વર ખાતે ગે.કા. અને વગર પાસ પરમીટનો દેશી દારૂ નો જથ્થો દા.લી.૬૦ કિ.રૂા.૧૨૦૦/– નો પ્લાના કોથળા નંગ– ૫ જે દરેકમાં ૨૦૦ મીલીની પ્લાની પોટલી નંગ–૬૦ લેખે રાખી તથા ઓટો રીક્ષા નં. જી.જે.૧૬ ડબલ્યુ ૭૯૫૦ ની કિ.રૂા. ૨૫૦૦૦/– માં વેચાણ કરવાના ઈરાદે રાખી બંને આરોપીઓએ ગુનામાં એકબીજાને મદદગારી કરી આરોપી વિક્રમ પ્રજાપતિ નાસી જઈ પાછળથી પકડાઈ જઈ ગુનો કરેલ તેના વિરૂઘ્ધ પ્રોહી.એકટ ક.–૬૫ ઈ,૯૮,૯૯,૮૧ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ?

૨. શું આદેશ ?

**(૭)** ઉપરોકત મુદ્દાઓ સંબંધી મારા નિર્ણયો નીચે મુજબ છે.

૧. નકારમાં.

૨. છેવટના આદેશ મુજબ.

## <u>કારણો</u>

**<u>મુદ્દા નંબર ૧:</u>**

ફરીયાદ પક્ષ તરફે આરોપી વિરૂધ્ધના આક્ષેપીત ગુનાઓ પુરવાર કરવા માટે પુરાવાઓનું તુલનાત્મક વિશ્લેષણ કરતા નીચે મુજબની હકીકતો માલુમ પડે છે.

(૮) ફરીયાદ પક્ષ તરફે પંચ કૈલાસભાઈ કિશનભાઈ પાટીલ ને આંક–૧૪ થી તથા પંચ શ્યામલાલ રામવિલાસ ચૌધરી ને આંક–૧૬ થી સોગંદ ઉપર તપાસતા તેઓ તેમની જુબાનીમાં જણાવે છેકે, પોલીસે અમોને એક લખેલા કાગળ પર સહી લીધેલી. સહી શી બાબતે લીધેલી તેની અમોને ખબર નથી. અમોની પાસેથી કોઈ દારૂ કબ્જે કરવામા આવેલ હોય તેનું નામઠામ પુછવામા આવેલ હોય તેવું બનેલ નથી. અમોને પંચનામાની સર્ટીફાઈડ નકલ બતાવવામા આવે છે જેમા પંચ નં.૧ તથા ૨ તરીકે અમોની સહી છે જે ઓળખી બતાવુ છુ પંચનામા વિશે હું કંઈ જાણતો નથી. પંચનામું રજુ દાખલ આંક– ૧૫ આપવામા આવે છે.

સદર પંચની ઉલટ તપાસ કરતા તેઓ તેમની ઉલટ તપાસમાં એ વાતનો સ્વીકાર કરે છે કે, પંચનામાની વિગતો વિશે જાત માહિતી નથી.

(૯) આ કામે પુરાવો જોવા જઈએ તો ત.ક.અ.ધ્વારા કોઈ સ્વતંત્ર સાહેદોનાં નીવેદનો લીધેલાનુ જણાતુ નથી. આ કામે પ્રથમ પંચનામુ તે પછી ફરીયાદ થયેલ હોવાનુ જણાઈ આવે છે. આ કામે પ્રથમ પંચનામું થવા છતાં ફરીયાદ માં પંચોનાં નામ સરનામા જણાવેલ નથી. આ કામે પકડેલ મુદ્દામાલ પકડેલ મુદ્દામાલ કબ્જે હોવા અંગેનો રીપોર્ટ જ ફરીયાદ પક્ષે પુરાવા થી સાબીત થતો નથી. પંચો એ પોતાની સહી વાળી કાપલી મુદ્દામાલે મુકેલ તે હકીકત પણ સાબીત નથી. આ કામે મુદામાલ મળી આવેલ તે જગા ની માલીકીનો પુરાવો પણ આ કામે ત.ક.અ. શ્રી ધ્વારા કબજે અથવા આ કામે સાબીત કે રજુ નથી. આરોપી નાં કોન્શીયશ પઝેશન બાબત સાબીત કરવા મુદામાલ મળી આવેલ તે જગા નુ પઝેશન આરોપીનાં તાબામાં તે વખતે હતુ તે દર્શાવવુ નિ:શંક પણે કેસ સાબીત કરવા માટે ફરીયાદ પક્ષ માટે જરૂરી હતું. જે આ કામે સાબીત

નથી. આ કામે નામદાર ગુજરાત હાઈકોર્ટ નાં ચુકાદાઓ અનુસાર આરોપીને અનન્ય અને સભાનપણાનો કબજો Exclusive & Conscious possession પુરવાર થતુ નથી. વળી આ કામે કથીત મુદ્દામાલ દારૂ જ હતો તે બાબત નુ એફ એસ એલ નુસર્ટી પણ રજુ નથી. દારૂ નાં કિસ્સામાં કથીત મુદ્દામાલ દારૂ જ હતો કે કેમ તે પણ નિ:શંક પણે ફરીયાદ પક્ષે પુરવાર કરવુ પડે. ઉપરોકત ચર્ચા અનુસાર આથી આરોપી શંકાનો લાભ લેવા હકદાર જણાય છે.

(૧૦) બીજા પાસા મુજબ આ કામે નામદાર ગુજરાત હાઈકોર્ટનો ચુકાદો સ્ટેટ ઓફ ગુજરાત વિ. સુરેશભાઈ એસ પટેલ જી.એચ.જે. ૨૦૧૧ ભાગ ૨૬ પાના નં ૧ નો ચુકાદો ધ્યાને લેતાં,જેમાં ઠરાવેલ કે જો મૌખિક તથા દસ્તાવેજી પુરાવાથી અગર એક પંચ સાહેદ હોસ્ટાઈલ જાહેર થવાથી પણ પઝેશન જડતી અને જપ્તીનાં પ્રોહીબીશન નાં કેસ Beyond reasonable doubt પુરવાર થઈ શકે નહી અને નામદાર હાઈકોર્ટે નિંદોષ ઠરાવીને છોડી મુકતાં ચુકાદાને યર્થાથ ઠેરવેલ. સદર કેસમાં પંચો વિમુખ છે. ખુદ ફરીયાદ પક્ષે તે નિ:શંક પણે પુરવાર કરી શકે નથી કે કથીત મુદ્દામાલ આરોપીનાં સભાનપણાનાં કબજા Exclusive and Conscious Possession માંથી કબજે લેવાયેલ છે. આથી આ કામે થયેલ જડતી અને જપ્તીની પ્રક્રિયા પણ શંકાસ્પદ કરવામાં આવેલ હોવાનું જણાય છે.

આમ, આ કામના આરોપી વગર પાસ પરમીટે ગેરકાયદેસર રીતે દારૂ પોતાના કબજામાં રાખી પકડાઈ જઈ મળી આવેલ હોય અને તેવી હકીકતને કોઈ બીજા સ્વતંત્ર સાહેદોની જુબાનીથી સમર્થન મળતુ નથી. આમ, હાલના આરોપી ફરીયાદ પક્ષના કથનો મુજબ દારૂ રાખી પોલીસ રેડ દરમ્યાન પકડાઈ જઈ મળી આવેલ હોય તેવી હકીકત ફરીયાદ પક્ષે નિ:શંકપણે સાબિત થયા નું કહી શકાય તેમ નથી જેથી આ કામે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

(૧૧) આમ, રેકર્ડ ઉપર રજુ થયેલ સમગ્ર પુરાવો ધ્યાને લેતાં આ કામના આરોપીને તેઓની સામેના ગુન્હામાં સાંકળી તકસીરવાર ઠરાવવા માટે યોગ્ય અને જરૂરી

પુરાવાનો અભાવ હોઈ તેઓને નિર્દોષ ઠરાવી છોડી મૂકવા ન્યાયોચિત જણાતું હોઈ મુદ્દા નં. ૧ નો નિર્ણય નકારાત્મકમાં આપી મુદ્દા નં.૨ પરત્વે નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

**<u>આ ખ રી હુ ક મ /–</u>**

૧. ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૪૮(૧) અન્વયે આ કામના આરોપી (૧)દિનેશભાઈ છોટાભાઈ વસાવા,રહે. સરફુદીન નવા બોરભાઠા તા.અંકલેશ્વર જી.ભરૂચ(૨)વિક્રમભાઈ સવારામ પ્રજાપતિ,રહે. યોગી એસ્ટેટ જી.આઈ.ડી.સી. અંકલેશ્વર જી.ભરૂચ નાઓ પ્રોહી.એકટ ક.–૬૫ ઈ,૯૮,૯૯,૮૧ મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામા આવે છે.

૨. મુદ્દામાલ અંગે અગાઉ થયેલ હુકમ કાયમ રાખવામાં આવે છે અન્યથા મુદ્દામાલ અંગે અગાઉ હુકમ થયેલ ન હોય તો મુદ્દામાલની ખરાઈ કરી પરત કરવા હુકમ કરવામાં આવે છે તથા પ્રોહી મુદામાલનો અપીલ પીરીયડ વિત્યે નાશ કરવાનો હુકમ કરવામા આવે છે.

૩. આરોપી નં.૧ ના ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ– ૪૩૭(એ)મુજબ જામીન રજૂ કરવા.

૪. સી.આર.પી.સી. કલમ–૩૫૩(૬) મુજબ આરોપી નં.૨ ની ગેરહાજરીમાં ચુકાદો જાહેર કરવામાં આવેલ છે.

આજરોજ તા.૦૬ મી માહે એપ્રિલ સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ–અંકલેશ્વર
તા.૦૬/૦૪/૨૦૨૬

**(આર.એ. ચૌહાણ)**
જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફ.ક.,
અંકલેશ્વર.
કોડ નં. જી.જે.૦૧૭૪૭